# કોટવાળીયા આદિવાસી જાતિમાં સગાઈ સંબંધોનું રચના – કાર્યવાદી વિશ્લેષણ (એક સમાજશાસ્ત્રીય અભ્યાસ – ભરૂચ જિલ્લાના સંદર્ભે)

ડૉ. જીજ્ઞેશ પંડયા
સમાજશાસ્ત્ર વિભાગ
સરકારી વિનયન કોલેજ, ગરબાડા, જિ– દાહોદ
એલિસબ્રિજ, અમદાવાદ મો.નં–૯૪૨૭૩૩૫૯૪૨
Email- jigneshpandya2001@gmail.com

હોરેસ કાલેનના મતે ૧૯મી સદીમાં શરીર વિજ્ઞાનમાં વિકસેલા ડાર્વિનવાદની અસર સમાજ વિજ્ઞાનો પર પડવાથી સામાજિક વિજ્ઞાનીઓએ સામાજિક રચનાતંત્ર સાથે સંકળાયેલા વિશિષ્ટ લક્ષણો શોધી સામાજિક રચનાતંત્રના રૂપાંતર, ગતીશીલતા, પ્રક્રિયા, વિકાસ, ફેલાવ, ઉદગમન વિગેરે બાબતો અંગે ધારણાઓ કરી. પાર્સન્સ, કિગ્સલે ડેવીસ, એમિલ દર્ખાઈમ, કાર્લ માર્કસ, સ્પેન્સર, મેલીનોવસ્કી, રોબર્ટ મર્ટન વિગેરે ખ્યાતનામ સમાજશાસ્ત્રીઓએ સમાજશાસ્ત્રીય અભ્યાસોમાં રચના– કાર્યવાદી પધ્ધતિ વિશે પોતાના વિચારો રજુ કર્યા.

પાર્સન્સે રચનાતંત્રની ચાર કાર્યાત્મક સમસ્યાઓ/ જરૂરીયાતો જેવી કે અનુકૂલન, ધ્યેય પ્રાપ્તિ, સુગ્રથન, રચનાની જાળવણી અને તંગદીલી નિવારણ અને સામાજિક સંતુલન અંગે વિચારો રજુ કર્યા. કિગ્સલે ડેવીસે ધર્મનું કાર્યાત્મવાદી વિશ્લેષણ કરી ધર્મની સમાજ પરની અસરની ચર્ચા કરી છે. ધર્મ વ્યકિતગત હિતો/ લાગણીઓ ઉપર સાવયવી ઈચ્છાઓનું પ્રભુત્વ સ્થાપે છે અતને બલી આપવાની ધાર્મિક માન્યતાઓ અને ક્રિયાઓ કેવી રીતે સામાજિક એકતા સર્જી સામાજિક સુગ્રથન લાવવામાં ફાળો આપે છે તેની ચર્ચા કરી છે. આ સંદર્ભમાં જ તેઓ ધર્મને કાર્યાત્મક ગણે છે. જયારે માર્કસ ના મતે ધર્મ કામદારો ઉપર તેમના વર્ગનું સ્થાન સ્વીકારવા નૈતિક દબાણ લાવી વર્તમાન શોષણખોર વ્યવસ્થાનું અસ્તિત્વ ટકાવી રાખે છે, તેમાં બદલાવ કે પરિવર્તન લાવવા દેતો નથી. તેથી તેઓ ધર્મને વિકાર્યાત્મક ગણે છે. હર્બટ સ્પેન્સરે દેહ અને સમાજની સરખામણી કરી શરીરરચનાની જેમ દેહને પણ એક રચના તરીકે ગણાવાના સંદર્ભમાં પોતાના વિચારો રજુ કર્યા છે. રોબર્ટ મર્ટને સમાજ વ્યવસ્થાના ભાગો વચ્ચેની આંતરક્રિયામાંથી સર્જાતા પરિણામોને સમાજ વ્યવસ્થાની જરૂરીયાતો સાથે સાંકળી કાર્ય, પ્રગટ કાર્ય, અપ્રગટ/ પ્રચ્છન્ન કાર્ય, અકાર્ય, વિકાર્યની ચર્ચા કરી છે.

પાર્સન્સના મતે રચના–કાર્યવાદી પધ્ધતિએ કોઈ પણ સામાજિક રચનાતંત્રમાં થતી ક્રિયાઓના વિશ્લેષણ માટેની એક રીત છે કે જે સામાજિક વ્યવસ્થાના સમગ્રનું નિર્માણ કરતા તત્વો ( ઉપજૂથો, મૂલ્યો, ધોરણો અને દરજ્જા–ભુમિકાઓ ) નિર્ધારીત કરે છે. આ તત્વો/ લક્ષણો જ કે જે વ્યવસ્થાને પ્રમાણમાં સ્થિર બનાવે છે. આ તત્વો વ્યવસ્થામાં સૌથી વધુ સ્થિર હોય છે અને તે સિવાયના બીજા તત્વો/ લક્ષણો વધુ પરિવર્તનશીલ હોય છે. કિંગ્સલે ડેવિસે સમાજશાસ્ત્રીય અભ્યાસો/ સંશોધનોમાં માહિતીના પૃથ્થકરણ માટે રચના–કાર્યવાદી અભિગમ/ પધ્ધતિને ખૂબ મહત્વની ગણાવી છે. તેમના મતે રચનાતંત્રીય કાર્યાત્મવાદ સમાજશાસ્ત્રનું અવિભાજય અંગ છે. જે પૃથ્થકરણ કાર્યાત્મવાદી ન હોય તેને સમાજશાસ્ત્રીય પૃથ્થકરણ ગણી શકાય નહીં. તેથી આ પધ્ધતિની ઉપયોગીતાને ધ્યાનમાં રાખી કોટવાળીયા જાતિમાં એક સામાજિક ઘટના તરીકે સગાઈસંબંધોનું સમાજશાસ્ત્રીય વિશ્લેષણ કરવા માટે સંશોધકે રચના–કાર્યવાદી અભિગમ/ પધ્ધતિનો ઉપયોગ કર્યો છે. પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે કોટવાળીયા જાતિના સમાજજીવન, રિવાજો, પ્રથાઓ, ધોરણો, વ્યવહારો, આંતરક્રિયાઓનું નિરીક્ષણ કરી તેમજ ઉત્તરદાતાઓએ મુલાકાત અનુસૂચિમાં સમાવી લીધેલ પ્રશ્નોના સંદર્ભમાં રજૂ કરેલ પ્રતિભાવો અંગેની ક્ષેત્રકાર્ય દરમિયાન પ્રાપ્ત થયેલ માહિતી (તથ્યો) નું રચના– કાર્યવાદી વિશ્લેષણ કરી કુટુંબના સભ્યો, જાતિના સભ્યો, અને અન્ય જાતિના લોકો સાથેના સગપણ સંબંધો નિર્ધારીત કરતા પરિબળો/પરિસ્થિતીઓ અને તેની સગપણ સંબંધો પર પડેલી અસરોને સમાજશાસ્ત્રીય રીતે તપાસી તેનું કાર્યાત્મવાદી વિશ્લેષણ કર્યુ છે.

પાર્સન્સે વ્યવસ્થાની જાળવણી કરતી પ્રક્રિયાને ધ્યાનમાં રાખી કાર્યાત્મક વિશ્લેષણ અંગે પોતાના વિચારો રજુ કર્યા છે. તેમના મતે X, Y માટે કાર્ય કરે છે તેમ કહીએ ત્યારે X ના પરીણામને સમગ્ર વ્યવસ્થા માટેનું કાર્ય ગણવું જોઈએ. આમ

કોઈપણ પ્રક્રિયા સમગ્ર વ્યવસ્થાની જરૂરીયાત પુરી પાડવામાં ફાળો આપે છે કે નહીં તે જોવા પર તેમણે ભાર મૂકયો છે. કોટવાળીયા જાતિમાં ઘરજમાઈ, સાળીવટું અને બહુપત્ની લગ્નની પ્રથાઓ અને તેને કારણે સગપણ સંબંધીઓ વચ્ચે રચાતા સંબંધોના માળખાઓ, પ્રક્રિયાઓ સમગ્ર કોટવાળીયા સમાજની જરૂરીયાતો સંતોષે છે, આ જરૂરીયાતો સંતોષવામાં અવરોધ ઉભો કરે છે કે નહીં તે બાબતનું અવલોકન કરી સંશોધકે સગપણ સંબંધોનું કાર્યાત્મક વિશ્લેષણ કર્યુ છે.

આદિવાસીઓ ભારતનો મુખ્ય પ્રવાહ ગણાતા હિંદુઓ સાથે સંપર્કમાં આવ્યા. હિંદુઓ જંગલમાં જતા થયા, આદિવાસીઓ સાથે વસતા થયા જેને કારણે હિંદુઓ અને આદિવાસીઓ વચ્ચે આંતરક્રિયાની શરૂઆત થઈ. પરિણામે આદિવાસીઓએ હિંદુઓનું અનુકરણ કરી હિંદુ સામાજિક રિતરિવાજો અપનાવ્યા, સ્વીકાર્યા. તેને કારણે આદિવાસી જૂથમાં પુત્રીની તુલનામાં પુત્રનું મહત્વ વધ્યું. અને આ કારણથી જ અભ્યાસ હેઠળની જાતિમાં પણ પુત્રીની તુલનામાં પુત્રનું મહત્વ વધું હશે તેમ માની શકાય. અભ્યાસ માટે એકત્રીત કરાયેલ તથ્યો દર્શાવે છે કે કોટવાળીયા જાતિમાં પુત્રનું મહત્વ વધું હોવાથી જે દંપતિને પુત્ર ન હોય તેવાં કુટુંબો પુત્રીના લગ્ન કરાવી જમાઈને ઘરજમાઈ તરીકે રાખે છે અથવા ઘરજમાઈ રહેશે તે શરત સ્વીકારનાર યુવક સાથે પોતાની પુત્રીના લગ્ન કરે છે. કેટલાક પુરૂષો પુત્ર પ્રાપ્ત કરવા પત્નીની હયાતીમાં તેની સાળી ( પત્નીની નાની બહેન) સાથે લગ્ન કરે છે. જેને કારણે આ સમાજમાં ઘરજમાઈ, સાળીવટું અને બહુપત્ની લગ્નની પ્રથાઓ ઉદ્દભવી છે. આ જુદી જુદી પ્રથાઓ અને તેને કારણે રચાતા સગાઈ સંબંધના રચનાતંત્રો અને તેના ઘટકો કોટવાળીયા જાતિના કુટુંબોની વૃધ્ધાવસ્થાની સમસ્યાઓ, પિતાના મૃત્યું થયા બાદ કુંવારી પુત્રીના લગ્નની સમસ્યાઓનું નિવારણ કરી કોટવાળીયા કુટુંબની રચનાને જાળવી રાખે છે, સ્થિરતા પુરી પાડે છે. જેને કારણે કુટુંબ રચના ટકી રહે છે. આમ કુટુંબની સ્થિરતા અને સાતત્ય ટકાવી રાખવામાં મહત્વનો ફાળો આપતી ઉપરોકત પ્રથાઓ **કાર્યાત્મક** છે.

કોટવાળીયા જાતિમાં પુત્ર ન હોવાથી અથવા પુત્ર હોવા છતાં તે ઘરજમાઈ જતો રહે, પુત્ર ઉંમરમાં ખુબ નાનો હોય ત્યારે ઘરમાં વાંસમાંથી વસ્તુઓ બનાવવા, વાંસ લેવા જંગલમાં જવા કે માંદગીમાં દેખરેખ રાખવા જેવા અનેક કાર્યો માટે કોઈ જવાબદાર પુરૂષ સભ્યની જરૂરીયાત ઉદ્દભવતાં, પિયરમાં પિતાના ઘરે રહી જીવન જીવવાનો પુત્રીનો આગ્રહ, પુત્રીને થયેલ કોઈ રોગ, કૌટુંબીક ઝઘડા વિગેરે પરિબળો/પરિસ્થિતીઓ પિતા કે ભાઈને પોતાની પુત્રી કે બહેન માટે ઘરજમાઈ લાવવા પ્રેરે છે, દબાણ સર્જે છે, ફરજ પાડે છે. આ પરિબળો Pull Fectors બની રહે છે. જયારે કુટુંબની ગરીબી, વધુ સંતાનોની સંખ્યા, અપરસંતાનની જવાબદારીમાંથી મુકત થવાની ઈચ્છા કે અપરસંતાન સાથેનું અયોગ્ય વર્તન, સંબંધી ની નિરાધાર સંતાનને પોતાના ઘરે રાખી વધુ તેના ભરણપોષણનો વધારાનો ખર્ચ ઉપાડવાની અનિચ્છા, ગામના યુવાનો વ્યસની હોવાથી પોતે અને તેના સંતાનો પણ વ્યસની બની જશે તેવો ડર કે ભય, સાસરી જંગલની નજીક હોવાથી વાંસકામ માટે જરૂરી વાંસ સરળતાથી મળી રહે અને તેમ થાયતો વાંસની વધુ વસ્તુઓ બનાવી, વેચી આર્થીક સ્થિતિ સુધારી શકાય તેવી ઈચ્છા Push Fectors બન્યા છે. જે યુવાનોને ઘરજમાઈ બનવા પ્રેરે છે. જેને કારણે અભ્યાસ હેઠળની જાતિમાં પરંપરાગત સમયથી ઘરજમાઈપ્રથા પ્રચલીત બની છે.

ઘરજમાઈ પ્રથાના અસ્તિત્વને કારણે ઘરજમાઈ જનાર પુરૂષ પુત્ર તરીકેની બધી ફરજો નિભાવે છે. જેવી કે તે સસરા–સાસુ સાથે બેસી પુત્રની જેમજ વાંસમાંથી વિવિધ વસ્તુઓ બનાવે છે, વાંસ લેવા જંગલમાં જાય છે, વૃધ્ધ સાસુ–સસરાની દેખરેખ રાખે છે, તેમનું મૃત્યું થતા કારજ કરે છે, તે માટેનો ખર્ચ પણ કરે છે. આમ ઘરજમાઈ પ્રથા પુત્રનો વિકલ્પ પુરો પાડી કુટુંબ રચનાની સ્થિરતા અને સાતત્ય ટકાવી રાખે છે, ઘરમાં વૃધ્ધ લોકોની કાળજી રાખનાર વ્યકિતની હાજરી ઉભી કરી વૃધ્ધાવસ્થાના પ્રશ્નો/ સમસ્યાઓનું નિવારણ કરે છે, પુત્ર ન હોવા છતાં ઘરજમાઈની હાજરી પુત્ર ન હોવાનો વસવસો કે અફસોસ દુર કરે છે, વૃધ્ધાવસ્થા અંગેની માનસીક ચિંતાઓ દુર કરી આ પ્રથા કુટુંબનું રચનાતત્ર ટકાવી રાખે છે. આમ ઘરજમાઈ પ્રથા જાતિના વૃધ્ધોના અનુકૂલનમાં, કુટુંબની ધ્યેય પ્રાપ્તીની કાર્યાત્મક સમસ્યાઓના નિવારણમાં મદદરૂપ બની છે. આ ઉપરાંત અભ્યાસ હેઠળની જાતિના ગરીબ અને વધુ સંતાનો ધરાવતા કુટુંબોના પુરૂષોને સરળતાથી અને આર્થિક ખર્ચ કર્યા વિના કન્યા મેળવવાની તક પુરી પાડી તેમના અનુકૂલન, સુગ્રથન અને તંગદીલી નિવારણમાં ફાળો આપે છે. આમ ઘરજમાઈપ્રથા અને તેનાથી ઉભા થતા સગપણ સંબંધોના વસ્તુલક્ષી પરિણામો વ્યકિત અને કુટુંબ રચનાની અનેક

કાર્યાત્મક સમસ્યાઓ જેવી કે અનુકૂલન, ધ્યેયપ્રાપ્તી, સુગ્રથન વિગેરે સંતોષી કોટવાળીયા સમાજનું અસ્તિત્વ અને સાતત્ય ટકાવી રાખવામાં મદદરૂપ બની હોવાથી આ પ્રથા **કાર્યાત્મક** છે તેમ કહી શકાય.

કોટવાળીયા જાતિમાં મોટાભાગના કુટુંબના સભ્યો વાંસમાંથી જુદી જુદી વસ્તુઓ બનાવવાનો પરંપરાગત વ્યવસાય કરે છે. આ મુખ્ય વ્યવસાયની સાથે તેઓ ખેતમજૂરી, કડીયાકામમાં મજૂરી, મૃત્યું થાય ત્યારે તુર વગાડવા જવું, પશુપાલન, માછીમારી, શેરડી કાપવામાં મુકડદમ, માંસ વેચવાના પુરક વ્યવસાયો કરી વધારાની આવક પ્રાપ્ત કરી જીવનનિર્વાહ કરતા હતા. પરંતું આધુનિક સમયમાં ખેતી અને અન્ય જીવન જરૂરીયાતો જેવી કે ટોપલા, ટોપલી, સુપડા વિગેરેનો વપરાશ ઘટયો છે. આ ઉપરાંત બૃહદ સમાજના લોકોમાં લાકડા, સ્ટીલ વિગેરે માંથી બનાવેલ ડાઈનીંગ ટેબલ, સોફા, ખુરશી વિગેરે વસ્તુઓનો ઉપયોગ વધી રહયો છે. વાંસમાંથી આવી આધુનિક વસ્તુઓ બનાવવાની આવડત ન હોવાથી અને જંગલના કાયદાઓને કારણે જંગલમાંથી પુરતા વાંસ ન મળવવાથી વ્યાવસાયિક વિસંગતતાઓ વધી છે. જેને કારણે અભ્યાસ હેઠળની જાતિમાં વાંસકામનો પરંપરાગત વ્યવસાય પડી ભાંગ્યો છે. તેથી વાંસકામ ઉપરાંત ઉપર દર્શાવેલ પુરક વ્યવસાયોમાંથી જાતિના કુટુંબો માંડ જીવનનિર્વાહ કરી શકે તેટલી ઓછી આવક મેળવી શકે છે. પરિણામે મોટાભાગના કુટુંબો આર્થિક રીતે ખુબ પછાત છે, ગરીબ છે. આ ગરીબીની પરિસ્થિતી સગાસંબંધી ઓને જન્મ, લગ્ન અને મૃત્યું જેવા સામાજિક પ્રસંગોની ઉજવણી, માંદગીનું નિવારણ, કુદરતી આફત કે રોજીંદા જીવનની જરૂરીયાતો સંતોષવા એકબીજા પર આધારીત બનાવે છે. તે માટે સંબંધી ઓએ એકબીજાની મદદ લેવી પડે છે. આવું પારસ્પારીક આધારીતપણું સગપણ સંબંધોને અસર કરે છે. વ્યકિતની અપેક્ષા પ્રમાણે મદદ કરનાર સંબંધી સાથેના વ્યકિતના સંબંધો વધુ નિકટના અને ગાઢ બને છે. જયારે વ્યકિતની અપેક્ષા પ્રમાણે મદદ ન કરનાર સંબંધી સાથેના વ્યકિતના સંબંધો નબળા બને છે, તુટે છે. જાતિના લોકોના વ્યવસાયનું સ્વરૂપ સામુહિક છે. કુટુંબના સભ્યો અને અન્ય નિકટના સગાંઓ સમૂહમાં વાંસ લેવા જંગલમાં જાય છે, આંગણામાં સાથે બેસી વાંસમાંથી જુદી જુદી વસ્તુઓ બનાવે છે, સમૂહમાં ઉચ્ચક રકમ નક્કી કરી ખેતમજૂરી કરે છે. વ્યવસાયનું આ સામૂહિક સ્વરૂપ સંબંધીઓમાં પણ સમૂહ ભાવના વિકસાવી સંબંધોને વધુ મજબૂત બનાવે છે. આમ ગરીબીની પરિસ્થિતી અને વ્યવસાયનું સામુહિક સ્વરૂપ એમ બન્ને પરિબળો સગપણ સંબંધોને વધુ નિકટના અને ગાઢ બનાવી સગપણ સંબંધોનું રચનાતંત્ર ટકાવી રાખી સમાજને વધું સ્થિર બનવામાં ફાળો આપતા હોવાથી આર્થિક પછાતપણાની/ ગરીબીની પરિસ્થિતિને **કાર્યાત્મક** ગણી શકાય.

પુત્ર પ્રાપ્તનીની ઈચ્છા, પ્રેમ થઈ જવો વિગેરે પરિબળો/ પરિસ્થિતીઓને કારણે કોટવાળીયા સમાજે બહુપત્ની લગ્નને માન્યતા આપી છે. અભ્યાસના તથ્યો દર્શાવે છે કે બહુપત્નીઓ વચ્ચેના સગપણ સંબંધો વિખવાદી રહયા છે. તેમની વચ્ચે કામ અંગેના કંકાસનું પ્રમાણ વધુ છે. એક કુટુંબની બે પત્નીઓ એકબીજાને ખોરાકમાં ઝેર આપીને મારી નાખશે તે પ્રકારની શંકા–કુશંકાઓ કરતી હતી. તેથી તેઓ એકબીજાનો રાંધેલો ખોરાક પણ ખાતી ન હતી. જે તેમની વચ્ચેના સગપણ સંબંધો આત્યંતિક રીતે નબળા પડી ગયા હોવાનું સુચવે છે. બે પત્નીઓ વચ્ચેના આવા ઝઘડાઓએ વધુ પત્ની ધરાવતા કુટુંબમાં માનસીક તંગદીલી ઉભી કરી છે. આવી તંગદીલીની અસર પડવાથી કુટુંબના સભ્યો પોતાની પિતા તરીકેની ભૂમિકા બરાબર નિભાવી શકયા નથી, આવા કુટુંબો બાળકોના સમાજીકરણ/ ઉછેરમાં પુરતી કાળજી લઈ શકયા નથી, તેઓ સગપણ સંબંધોની અપેક્ષિત ભુમિકાઓ ભજવવામાં નિષ્ફળ રહયા છે. આમ અભ્યાસ હેઠળની જાતિમાં બહુપત્ની લગ્નને કારણે પત્નીઓ વચ્ચેના કંકાસથી ઉદ્દભવેલ માનસીક તંગદીલીની પરિસ્થિતી બાળકોના ઉછેર અને સમાજીકરણનું ધ્યેય પ્રાપ્ત કરવામાં, પત્નીઓ વચ્ચેના સગપણ સંબંધોને નબળા પાડી કુટુંબ રચનાનું અસ્તીત્વ અને સાતત્ય ટકાવી રાખવામાં અવરોધરૂપ બની હોવાથી બહુપત્ની પ્રથાને **વિકાર્યાત્મક** ગણી શકાય. બીજી બાજું બહુપત્ની પ્રથાને કારણે બીજી પત્ની ધ્વારા પુત્ર જન્મ થતા કુટુંબનો વંશ, કુટુંબ જુથનું સાતત્ય ટકી રહે છે. તેથી આ સંદર્ભમાં બહુપત્ની પ્રથાને **કાર્યાત્મક** ગણી શકાય.

કોટવાળીયા જાતિ પરંપરાગત રીતે અંતર્વિવાહી જૂથ છે. વર્તમાન સમયમાં પણ મોટા ભાગના યુવક–યુવતીઓ જાતિમાં જ લગ્ન કરે છે. તેમ છતાં સહશિક્ષણ, સમાન વ્યવસાય, તહેવારો અને સામાજિક–ધાર્મિક પ્રસંગો દરમિયાન વધતી આંતરક્રિયાઓ, મેળાઓ અને હાટમાં થતા પરિચયો જેવા પરિબળોને કારણે આ જાતિની કેટલીક યુવતીઓએ વસાવા અને

ચૌધરી જાતિના યુવકો સાથે લગ્ન કર્યા છે. (આંતરજાતિય લગ્ન) કર્યા છે. શરૂઆતના થોડા વિરોધ બાદ સમાજે આવા લગ્નોનો સ્વીકાર કર્યો છે. જે દર્શાવે છે કે જાતિનું અંતઃલગ્નનું પરંપરાગત ધોરણ નબળું પડયું છે જેથી લગ્ન આધારીત સગપણ સંબંધો બાંધવા માટેનું સામાજિક ક્ષેત્ર કેટલેક અંશે વિસ્તર્યુ છે. અભ્યાસના ક્ષેત્રકાર્ય દરમિયાન મળેલી માહિતી દર્શાવે છે કે આંતરજાતિય લગ્નના બનાવો બનતા બન્ને જાતિના કુટુંબના સગાસંબંધીઓ વચ્ચે અને બન્ને જાતિના સંબંધીત કુટુંબના સભ્યો વચ્ચેના સગપણ સંબંધોમાં વિખવાદ અને સંઘર્ષની પરિસ્થિતી ઉદ્દભવી છે. જે તંગદીલી સર્જે છે. પરિણામે સગપણ સંબંધોનું રચનાતંત્ર કયારેક ટુંકા તો કયારેક લાંબા ગાળા સુધી નબળું પડે છે. આમ આંતરજાતિય લગ્નો સગપણ સંબંધના માળખાને શિથિલ કરતા હોવાથી આ પ્રથાને **વિકાર્યાત્મક** ગણી શકાય.

કોટવાળીયા જાતિમાં પિતૃસત્તાક કુટુંબવ્યવસ્થા હોવાથી પુરૂષ પક્ષના સગાંઓ અને તેમાંય કાકાનું મહત્વ વધું હોવા છતાં મામાનું સ્થાન પણ મહત્વનું છે. સામાન્ય સંજોગોમાં પરંપરાગત સમયથી મોટાભાગના કુટુંબના ભાણેજ–ભાણી મામાની બહેન–બનેવી અને ભાણો–ભાણી ધ્વારા તેમના નિર્ણયોનો સ્વીકાર થાય, પોતે શોધેલ પાત્ર સાથે તેઓ લગ્ન કરવા સંમત થાય વિગેરે અપેક્ષાઓ અને ભૂમિકઓનો સ્વીકાર કરતા હોવાથી અભ્યાસ હેઠળની જાતિમાં મામાના બહેન–બનેવી અને ભાણેજ–ભાણી સાથેના સંબંધો નિકટના, સુસંવાદી છે. તેમ છતાં વર્તમાન સમયમાં કેટલાક કુટુંબોમાં મામાની પુત્રીનું દારૂનું વ્યસન, ભાઈ અથવા બહેનના કુટુંબ માંથી કોઈ એક પક્ષના કુટુંબના સભ્યોએ તારૂ–તાડીના વ્યસન અને માંસાહારનો કરેલ ત્યાગ, મામા–ફોઈના સંતાનો વચ્ચે રહેલ ઉંમરના તફાવતો અને નિકટના સગપણ સંબંધી ના પુત્ર/ પુત્રી સાથે લગ્ન કરવા અંગેના જાતિના લોકોના બદલાયેલા વલણો જેવા પરિબળોને કારણે કેટલાક કુટુંબમાં બહેન–બનેવી કે ભાણા–ભાણીએ તેમના લગ્ન અંગેની મામાની અપેક્ષાઓનો અસ્વીકાર કર્યો છે.તેથી મામાના બહેન–બનેવી અને ભાણા–ભાણી સાથેના સગપણ સંબંધો નબળા બન્યા છે,તેમની વચ્ચેના સગપણ વ્યવહારો ઘટયા છે. તેથી તારૂ/તાડીના વ્યસન અને માંસાહારનો કરેલ ત્યાગ, મામા–ફોઈના સંતાનો વચ્ચે રહેલ ઉંમરના તફાવતો અને નિકટના સંબંધી ના પુત્ર/ પુત્રી સાથે લગ્ન કરવા અંગેના જાતિના લોકોના બદલાયેલા વલણો જેવા પરિબળોને આ સંદર્ભમાં **વિકાર્યાત્મક** ગણી શકાય.

પ્રાચીન સમયથી સમાનતા ધરાવતો આદિમ સમાજ કાળક્રમે અન્ય સમાજ અને તેમાંય હિંદુ સમાજ સથે સંપર્કમાં આવ્યો. જેને કારણે આદિવાસીઓમાં મિલકત અને વારસાના, પુત્રનું મહત્વ અંગેના ખ્યાલો વિકસ્યા. અન્ય આદિમ સમાજોની જેમજ કોટવાળીયા જાતિમાં પણ મિલકત, વારસા અને પુત્રનું મહત્વ અંગેના ખ્યાલો વિકસ્યા છે. પુત્રને વારસા હક હોવાથી બધા પુત્રો વચ્ચે વારસાગત મિલકત જેવી કે ઘર, વાડાની જમીન, વૃક્ષો જેવા કે આંબા, મહુડા, લીમડા તેમજ ઘરવખરી જેવા કે વાસણો, ખાટલા વિગેરે સરખા ભાગે વહેંચાય છે. એકજ વૃક્ષ હોયતો વૃક્ષ પર આવતા ફળ પુત્રો વચ્ચે સરખે ભાગે વહેંચાય છે. એકજ ઘર હોયતો ઘરને ખોલીનાખીને તેના લાકડા, વળીઓ, નળીયા, મોભ વિગેરે કાટમાળની વહેંચણી પુત્રો વચ્ચે સરખા ભાગે કરવામાં આવે છે. મિલકતની સમાન વહેંચણી પુત્રો વચ્ચે સગપણ ફરજના બંધનો વધુ મજબૂત બનાવે છે. પુત્રોને જરૂરીયાતના સમયે એક બીજાની મદદ કરવા પ્રેરે છે. જે તેમની વચ્ચેના સગપણ સંબંધોને વધુ મજબૂત બનાવી કુટુબ રચનાનું અસ્તીત્વ ટકાવી રાખે છે. તેથી સંબંધી ઓ વચ્ચેના સગાઈ સંબંધો અને તેના આધારે કરાતી આવી પારસ્પારીક મદદ **કાર્યાત્મક** ગણી શકાય. છતાં જાતિના કેટલાક કુટુંબો સાવકા પુત્ર સાથે મિલકતની વહેંચણી બાબતે પક્ષપાત રાખે છે. સાવકા પુત્રની ભરણપોષણની જવાબદારી માંથી છટકી જવા અને મિલકતની વહેંચણીમાંથી તેને ભાગ ન આપવો પડે તે માટે તેને ઘરજમાઈ મોકલે છે. કેટલાક કુટુંબોનું સાવકા પુત્ર સાથેનું આવું પક્ષપાતી વલણ ઘરજમાઈ ગયેલ સાવકા પુત્રનો કુટુંબના અન્ય સભ્યો પ્રત્યે સગપણ ફરજો બજાવવામાં, નિભાવવામાં રસ ઘટાડી સગપણ ફરજો બજાવવામાં પૂર્ણ કે આંશીક રીતે નિષ્ફળ બનાવી કુટુંબના અન્ય સભ્યો સાથેના સગપણ સંબંધોના માળખાને નબળું પાડે છે. પરિણામે સગપણ સંબંધીઓ વચ્ચેના પારસ્પારીક વ્યવહારો ઘટે છે. આવી પરિસ્થિતી લાંબા ગાળે કુટુંબ રચનાને તોડે છે, શીથીલ બનાવે છે. તેથી તેને **વિકાર્યાત્મક** ગણી શકાય.

સામાન્ય સંજોગોમાં કોટવાળીયા જાતિના કુટુંબોના સભ્યો વચ્ચે સગપણ ફરજોનું માળખું ખુબ મજબૂત અને અસરકારક છે. મોટાભાગના કુટુંબના સભ્યો આ માળખા પ્રમાણે પારસ્પારીક ફરજ બજાવે છે. સંબંધી ઓ જન્મ, લગ્ન અને મૃત્યું જેવા

સામાજિક પ્રસંગો, કુદરતી આફતો કે માંદગીમાં એક બીજાને મદદ કરે છે. સંબંધી ના પુત્ર/ પુત્રી માટે જીવનસાથી શોધે છે. આ ઉપરાંત લગ્નની તારીખ નક્કી કરવામાં, કન્યાશુલ્ક, ઘરેણાં વિગરે લગ્ન સાથે સંકળાયેલી બાબતો નક્કી કરવામાં તેને સલાહસૂચન આપે છે, લગ્નમાં આર્થિક અને અન્ય પ્રકારની મદદ કરે છે. લગ્ન ઉપરાંત સંબંધી ને ઘર બાંધવામાં, સંબંધી ના પુત્ર/પુત્રીને શિક્ષણ અપાવવાની જવાબદારી નિભાવવામાં, બિમાર સંબંધી ને દવાખાને લઈ જવામાં તેમજ દવા, ડૉક્ટર અને વાહનનો ખર્ચ ચૂકવવામાં મદદ કરી તેને મદદ કરે છે. તેવી રીતે મદદ મેળવનાર સંબંધી પણ મદદ કરનાર સંબંધી ને જરૂરીયાતના સમયે મદદ કરે છે. સગપણ ફરજો મુજબની સંબંધી ઓની આવી પારસ્પારીક મદદ કુટુંબ જેવા પ્રાથમિક જૂથના સભ્યો વચ્ચેના સગપણ સંબંધોને પ્રમાણમાં મજબૂત, નિકટના, સંવાદી અને સહકારયુકત બનાવી કુટુંબ, લગ્ન, શિક્ષણ, ધર્મ અને આર્થિક સંસ્થાઓના રચનાતંત્રને જાળવી રાખવામાં, મજબૂત બનાવવામાં અને વિકસાવવામાં રચનાને ટકાવી રાખે છે, તેને સ્થિરતા અને સાતત્ય પુરૂ પાડે છે. તેથી સંસ્કૃતિ નિર્ધારીત સગપણ ફરજોનું માળખું અને તે પ્રમાણેનું સભ્યોનું વર્તન શકય બનાવતી પરિસ્થિતીઓને ઉપરોકત સંદર્ભમાં **કાર્યાત્મક** ગણી શકાય.

જયારે આ જાતિમાં દારૂ/ તાડીનું વ્યસન, વારસામાં મળેલ જમીન સંબંધી ને તેનું પોતાનું ઘર બાંધવા માટે આપવાનો કરેલ ઈન્કાર, લગ્નેતર સંબંધો અને કુટુંબના સભ્યો વચ્ચે ખામીયુકત શ્રમવિભાજન વિગેરે પરિસ્થિતીઓ/ પરિબળો કુટુંબમાં સભ્યો વચ્ચેના સગપણ સંબંધોમાં વિખવાદ સર્જે છે, સગપણ ફરજોમાં ભંગાણની પરિસ્થિતી સર્જે છે જેને કારણે સગાઈ સંબંધી ઓ વચ્ચેના સગપણ વ્યવહારો ઘટયા છે, બંધ થયા છે, કેટલાક કુટુંબોની રચના નબળી પડી છે, તુટી છે અને ભગ્ન કુટુંબ રચાયા છે. આવા ભગ્ન કુટુંબના સભ્યો કુટુંબના સતત તાણ, ચિંતાના વાતાવરણને કારણે આર્થિક વિકાસ કરી શકતા નથી. આમ સંબંધી ઓ વચ્ચેના વિખવાદી સંબંધો કુટુંબસંસ્થા ઉપરાંત લગ્ન અને આર્થિક સંસ્થાઓની રચનાના વિકાસમાં અવરોધરૂપ બને છે. તેથી આ પરિબળો/પરિસ્થિતીઓ **વિકાર્યાત્મક** કહી શકાય. આ મુદ્દાને અંતે આપણે સ્પષ્ટતા કરવી જોઈએ કે અન્ય આદિમ સમાજોની જેમજ અભ્યાસ હેઠળના કોટવાળીયા સમાજે પણ પરાપૂર્વથી તહેવારોની ઉજવણીમાં, જન્મ, લગ્ન અને મૃત્યું જેવા સામાજિક પ્રસંગોની ઉજવણીમાં અને આખા દિવસની મહેનતના અંતે લાગેલ થાકને દુર કરવા દારૂ તાડીના સેવનનો સામાજિક સ્વીકાર કર્યો છે. તેથી આ સમાજના લોકોની દ્રષ્ટિએ દારૂ/તાડી પીવાનું વર્તન વ્યસન નથી. પરંતુ બૃહદ સમાજના સંદર્ભમાં જોઈએતો નિયમિત રીતે દારૂ તાડીનું સેવન કરવાનું વર્તન વ્યસન ગણી શકાય. કારણ કે દારૂ/તાડીના નિયમિત સેવનથી આ સમાજના લોકોનું શરીર આ નશીલા પદાર્થ પર અવલંબીત બન્યું છે, તેનું સેવન કરવાથીજ કેટલાક લોકોનું શરીર કામ કરવાની ક્ષમતા મેળવે છે તેવું નિરીક્ષણ દરમિયાન જોવા મળ્યું છે. તેથી અહી દારૂ/તાડીના સેવનને વ્યસન ગણવામાં આવ્યું છે.

પ્રસ્તુત જાતિમાં પરંપરાગત સમયથી મામા–ફોઈના સંતાનો વચ્ચે લગ્ન થતા આવ્યા છે. જે દર્શાવે છે કે જીવનસાથી પસંદગીમાં નજીકના સંબંધીના પુત્ર કે પુત્રીને વધુ અગ્રતા અપાય છે. નિકટના સગાના પુત્ર–પુત્રીઓ વચ્ચે ગોઠવાતા લગ્ન સંબંધો એ સગાંઓને વચ્ચે નિકટતા વધારી છે. જેને કારણે સગપણ સંબંધનું રચનાતંત્ર વધુ મજબૂત બન્યું છે. આ સંદર્ભમાં નિકટના સભ્યો વચ્ચે થતા લગ્નો કે મામા–ફોઈના સંતાનો વચ્ચે થતા લગ્નો **કાર્યાત્મક** છે તેમ કહી શકાય.

જો કે વર્તમાન સમયમાં દારૂનું વ્યસન, માંસાહાર, લગ્નવય તફાવત અને નિકટના સ્વજનો વચ્ચે ગોઠવાતા લગ્નોને અયોગ્ય ગણવાના બદલાયેલા વલણોને કારણે અભ્યાસ હેઠળની જાતિમાં મામા–ફોઈના સંતાનો વચ્ચેના લગ્નો ઘટયા છે. જાતિના ઘણા કુટુંબના પુરૂષોએ મામાના પુત્ર કે પુત્રી સાથે લગ્ન સબંધ બાંધવાની ના પાડી છે અથવા મામાના પુત્ર કે પુત્રી સિવાયના જાતિના અન્ય કુટુંબના યુવક સાથે લગ્ન કર્યા છે. જેને કારણે મામાની અપેક્ષાઓ ન સંતોષાવાથી મામા–મામી અને તેમના પુત્ર કે પુત્રીને ખોટું લાગ્યું છે, તેઓ રીસાયા છે. જેની અસર પડવાથી ભાઈ–બહેન અને મામા–ભાણેજ વચ્ચેના સંબંધોનું રચનાતંત્ર નબળું પડયું છે. આ સંબંધીઓ વચ્ચેના સગપણ વ્યવહારો પણ ઘટયા છે. તેઓ સામાજિક પ્રસંગોએ આમંત્રણ હોવા છતાં એક બીજાના ઘરે જતા નથી, સગપણ સંબંધોનું મહત્વ ઓછું કરે છે. આમ ઉપરોકત પરિબળો/ પરિસ્થિતીઓએ સંબંધી ઓ વચ્ચે વિસંવાદિતતા વધારી તેમની વચ્ચેના સંબંધોના માળખાને નબળું પાડયું હોવાથી આ પરિબળો **વિકાર્યાત્મક** છે તેમ કહી શકાય.

જીવનસાથી પરિચિત હોય, સબંધમાં હોયતો વિખવાદ ઉદ્દભવે ત્યારે વડીલો ઘ્વારા તેને નિયંત્રીત કરી શકાય, તેના પર અનૌપચારીક દબાણ લાવી પતિ–પત્ની વચ્ચેના વિખવાદોને રોકી શકાય, રોડ–રસ્તા, વાહનવ્યવહાર અને સંચાર સાધનોના અભાવમાં જન્મ, લગ્ન અને મૃત્યું જેવા સામાજિક પ્રસંગોએ ચાલીને જઈ શકાય, નજીક હોયતો વારંવાર જઈ શકાય, માંદગીમાં ખબર કાઢવા જઈ શકાય તેવા વિવિધ કારણોસર કોટવાળીયા જાતિના લોકો પોતાના ગામમાં, પોતાના ગામની નજીકના ગામમાં કે નિકટના સંબંધી ના પુત્ર કે પુત્રી સાથે પોતાના પુત્ર કે પુત્રીના લગ્ન પરંપરાગત સમયથી ગોઠવતા આવ્યા છે. આ સ્વરૂપના લગ્નને કારણે પતિ–પત્ની વચ્ચેના વિખવાદોનું વડીલો ઘ્વારા નિયંત્રણ કરી સગપણ સંબંધોને તુટતા બચાવી શકાતા, ગામમાં અને નજીકના ગામમાં લગ્નો ગોઠવાતા હોવાથી કુદરતી આફત, આર્થિક મુશ્કેલી કે માંદગીના સમયે પુત્ર–પુત્રી અને સગા સંબંધી ના ખબર–અંતર પુછવા તેમના ઘરે જઈ શકાતું, તેમને મદદ કરી તેમના પ્રત્યેની સગપણ ફરજો અસર કારક રીતે નિભાવી શકાતા તેથી સગાસંબંધીઓ વચ્ચેના સગપણ સંબંધો પ્રમાણમાં મજબૂત રહેતા હતા. આમ ગામમાં અને નજીકના ગામમાં અને નિકટના સગાસંબંધી ના પુત્ર–પુત્રી વચ્ચે ગોઠવાતા પરંપરાગત સમયના લગ્નો સગપણ સંબંધોને ટકાવી રાખવા માટેની સહાયક પરિસ્થિતીઓ સર્જી સગપણ સંબંધોને ટકાવી રાખવામાં મદદરૂપ બનતા હોવાથી આ જાતિમાં પહેલાના સમયમાં થતાં મામા–ફોઈના સંતાનો વચ્ચેના લગ્ન, પોતાના ગામમાં કે પોતાનાથી નજીકના ગામમાં થતાં લગ્નોને **કાર્યાત્મક** ગણી શકાય.

જો કે વર્તમાન સમયમાં આ વિસ્તારમાં રોડ–રસ્તા,વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારની સુવિધાઓ વધવાથી જીવનસાથી પસંદગીનું ક્ષેત્ર મોટું બન્યું છે. વર્તમાન સમયમાં સુરત જિલ્લાના માંડવી તાલુકાના અને નર્મદા જિલ્લાના ડેડીયાપાડા અને સાગબારા તાલુકાના ૫૦ થી ૬૦ કિ.મિ. દુરના અંતરે આવેલ ગામોમાં વસેલા જાતિના કુટુંબો વચ્ચે લગ્નમાં કન્યા આપવા લેવાના વ્યવહારોનું પ્રમાણ વઘ્યું છે, લગ્નમાં કન્યાની આપલેના વ્યવહારોનું ભૌગોલિક/ પ્રાદેશીક ક્ષેત્ર વિસ્તર્યું છે. જે કુટુંબોએ દુરના ગામમાં પુત્ર કે પુત્રીના લગ્ન કર્યા છે. ઓછી પરિચિતતા– અપરિચિતતાને કારણે અયોગ્ય સ્વભાવ, ચાલચગત ધરાવતા યુવક–યુવતી કે તેમના સગાઓ સાથે લગ્ન સબંધ બંધાઈ જાય તેવા કિસ્સાઓમાં પતિ–પત્ની, સાસુ–વહુ અને સાસરી પક્ષના અન્ય સગાંઓ સાથેના સગપણ સંબંધો વધુ સંઘર્ષયુકત બન્યા છે, તેમની વચ્ચેના સગપણ સંબંધો નબળા બન્યા છે. તેથી તે સંદર્ભમાં દુરના ગામોમાં વસતા જાતિના લોકો સાથે લગ્ન સંબંધોનો થયેલો વિસ્તાર **વિકાર્યાત્મક** ગણી શકાય.

જો કે રોડ–રસ્તા,વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારના સાધનોની વધેલી સુવિધાઓને કારણે દુરના ગામમાં વસેલ સંબંધી ના ઘરે સામાજિક પ્રસંગોએ સગાસંબંધીઓ હાજરી આપે છે, માંદગીના સમયે તેની ખબર કાઢવા જાય છે, આ સુવિધાઓ સંબંધી  પ્રત્યેની સગપણ ફરજો અસરકારક રીતે નિભાવવમાં મદદરૂપ બન્યા છે. જેણે દુરના ગામોમાં વસતા સંબંધી ઓ વચ્ચેના સંબંધોના માળખાનું અસ્તીત્વ અને સાતત્ય ટકાવી રાખ્યું હોવાથી આ સુવિધાઓ/પરિબળોને **કાર્યાત્મક** ગણી શકાય.

અન્ય ધર્મોના સંપર્કો થવાથી, જુદા જુદા ધર્મોની પોતાના ધર્મનો ફેલાવો કરવાની પ્રવૃતિઓને કારણે અભ્યાસ હેઠળની જાતિના લોકોનું હિંદુકરણ, ખ્રિસ્તીકરણ અને થોડે અંશે ઈસ્લામીકરણ થયું છે. જાતિના લોકોના ધર્મ પરિવર્તનની અસર સગપણ સંબંધો પર પડી છે. હિંદુ ધર્મના રામાનંદી અને કબીરપંથી સંપ્રદાયો અપનાવનાર કેટલાક કુટુંબના સભ્યોએ દારૂ–તાડીનું સેવન અને માંસાહારનો ત્યાગ કર્યો છે જેમના માંસાહાર કરનાર સંબંધી ઓ સાથેના સગપણ સંબંધો ટકી રહયા છે. પરંતુ તેમની વચ્ચેના સગપણ વ્યવહારો ઘટયા છે. દારૂ–તાડી, માંસાહાર ત્યજી દીધા બાદ આ પદાર્થો પ્રત્યે ઉભી થતી સુગ તેનું સેવન કરનાર સંબંધી  પ્રત્યેના સ્વીકાર માત્રા ઘટાડી તેની સાથેની સંવાદીતતા ઓછી કરે છે. જે બાબત આ પદાર્થોનું સેવન કરનાર સગાસંબંધી  સાથેના સગપણ વ્યવહારો ઘટાડે છે. વ્યકિત આ પદાર્થોનું લેનાર સંબંધી ના ઘરે જવાનું ઓછું કરે છે. અને જવું જ પડે તેમ હોય તો ઓછો સમય સંબંધી ના ઘરે રોકાય છે, રાત્રી રોકાણ કરવાનું ટાળે છે. એજ રીતે ધર્માંતરણની અસરને કારણે લગ્નના રિવાજો, પ્રથાઓ બદલાયા છે. જેણે સંબંધી ઓમાં નારાજગી વધારી સગપણ સંબંધો થોડે અંશે નબળા પાડયા છે. જાતિનું હિંદુ ધર્મ પાળતુ કુટુંબ ખ્રિસ્તી ધર્મ અપનાવે ત્યારે ખ્રિસ્તી ધર્મ પ્રમાણે લગ્ન કરે છે. અને તેથી આવું કુટુંબ

વર–કન્યાને પીઠી ચોળતું નથી. જેને કારણે પીઠી લગાવવાના ભાભીના વિષેશાધિકાર ઝૂંટવાય છે, ભાભીને અધિકાર ન ભોગવવા મળતાં તે દુઃખ અનુભવે છે, તે સંબંધી ને મેણા મારી પોતાનો અણગમો વ્યકત કરે છે. પીઠી ન ચોળવાને કારણે થયેલ સમાજના નિયમોનો ભંગ યોગ્ય નથી તેમ દર્શાવે છે. જે થોડે અંશે સગાસંબંધીઓ વચ્ચેના સગપણ સંબંધોને નબળા બનાવે છે. આ ઉપરાંત ખ્રિસ્તીકરણની અસર પણ સગપણ સબંધ પર પડી છે. જાતિના ખ્રિસ્તી ધર્મ અપનાવનાર કુટુંબો આ ધર્મના પાદરી ધ્વારા આંતરીકૃત થતા પારસ્પારીક વફાદારીના મૂલ્યને કારણે દંપતિ પરસ્પર વફાદાર રહેવાનો આગ્રહ રાખે છે. તેઓ સભાનતા પૂર્વક વ્યાભિચારથી દુર રહેવા પ્રયત્ન કરે છે. જેને કારણે અભ્યાસ હેઠળની જાતિમાં દિયર–ભાભી વચ્ચેના પરિહાસ વ્યવહારો ઘટયા છે, મર્યાદીત બન્યા છે. ખ્રિસ્તી ધર્મ પાળનાર કુટુંબમાં દિયર ધુળેટીના તહેવારના દિવસે ભાભીને રંગ છાંટી તેની સાથે મજાક મસ્તી કરતો નથી. આમ અભ્યાસ હેઠળની જાતિમાં ધર્માંતરણની પ્રવૃતિએ સગપણ સંબંધોના માળખાને નબળું પાડયું હોવાથી, સગપણ વ્યવહારો ઘટાડયા હોવાથી ધર્માંતરણને **વિકાર્યાત્મક** ગણી શકાય. એવીજ રીતે ધર્માંતર થવાથી હિંદુ અને ખ્રિસ્તી ધર્મ જાતિના કેટલાક લોકોએ અપનાવ્યા હોવા છતાં તેની સંબંધી ઓ વચ્ચેના પરિહાર અને પરિહાસ સંબંધો પર કોઈ અસરો પડી નથી. અભ્યાસના તથ્યો દર્શાવે છે કે અભ્યાસ હેઠળની જાતિના કુટુંબોમાં ધાર્મીક સહિષ્ણુંતાની ભાવના ખુબ મજબૂત છે. ભિન્ન ધર્મ પાળતા કુટુંબો વચ્ચે કન્યા આપવા લેવાના વ્યવહારો સરળતાથી થાય છે.એટલુંજ નહી હિંદુ ધર્મ પાળતા કુટુંબો ખ્રિસ્તી ધર્મના પાદરી માટે રહેવા–જમવાની વ્યવસ્થા પણ કરે છે. આ પ્રકારની ધાર્મિક સહિષ્ણુંતા જાતિના કુટુંબો વચ્ચેના સગપણ સંબંધોને ટકાવી રાખી જાતિના રચનાતંત્રની જાળવણી કરે છે. તેથી ધાર્મિક સહિષ્ણુંતાને **કાર્યાત્મક** ગણી શકાય.

કોટવાળીયા જાતિમાં વર્તમાન સમયમાં પણ પરંપરાગત જાતિપંચ કુટુંબના સભ્યોના મિલકત અંગેના, દંપતિ વચ્ચેના વિવાદો/ ઝઘડાઓ ઉકેલ લાવવાનું કાર્ય કરી કુટુંબના સભ્યો વચ્ચેના અને જાતિના લોકો વચ્ચેના સગપણ સંબંધોને ટકાવી રાખવાનું કાર્ય કરે છે. અભ્યાસ હેઠળની જાતિના લોકોમાં રાજકીય સભાનતા વધી છે. તેઓ પોતાના મતનું મહત્વ સમજતા થયા છે. જાતિની કેટલીક વ્યકિતઓએ પંચાયતની ચૂટણીમાં ઉમેદવારી પણ કરી છે. જાતિના ઉમેદવારને અથવા પોતાના માનીતા રાજકીય પક્ષના ઉમેદવારને જીતાડવા કેટલાક કુટુંબની વ્યકિતઓ/આગેવાનો પોતાના સંબંધી ઓ પર તેમને મત આપવા દબાણ કરે છે, સમજાવે છે અને જાતિનો કે અન્ય જાતિનો પોતાનો ઈચ્છીત ઉમેદવાર જીતી જાયતો મત આપનાર સંબંધી ના કામો તે ઉમેદવાર પાસે કરાવે છે. લોકશાહી રાજકીય પ્રક્રિયામાં જાતિના કુટુંબોની આ સ્વરૂપની રાજકીય ભાગીદારી કુટુંબ/જાતિના સભ્યો વચ્ચેના સગપણ સંબંધોને વધુ મજબૂત બનાવતી હોવાથી તેને **કાર્યાત્મક** ગણી શકાય.

બીજી બાજુ આજ મતદાનની રાજકીય પ્રક્રિયા સાથે સાથે પોતાના ઈચ્છીત ઉમેદવારને મત ન આપનાર સગપણ સંબંધી સાથે સંઘર્ષની પરિસ્થિતી સર્જી સગપણ સંબંધોને નબળા પણ બનાવે છે. કોટવાળીયા જાતિના કુટુંબોમાં લોકશાહી મૂલ્યોનું આંતરીકરણ થતાં રાજય સરકારની વનબંધુ કલ્યાણ યોજના હેઠળ રચાયેલી જાતિના લોકોના આર્થિક વિકાસ માટેની મંડળીમાં સત્તા મેળવવા બાબતે અને પોતાના સગાસંબંધી ને લાભ અપાવવા બાબતે શરૂ થયેલી હુંસાતુંસીએ જાતિના કેટલાક કુટુંબો વચ્ચે મનદુઃખની પરિસ્થિતી ઉભી કરી છે. જેને કારણે જાતિના જુદા જુદા ગામોમાં વસતા કુટુંબો વચ્ચેના સગપણ સંબંધો નબળા બન્યા છે. આમ લોકશાહી રાજકીય પ્રક્રિયાએ સર્જેલી પરિસ્થિતીઓ/ પરિબળોએ સગપણ સંબંધોને તોડવામાં, નબળા પાડવામાં મહત્વનો ભાગ ભજવ્યો હોવાથી આ પ્રક્રિયાના પરિણામોને **વિકાર્યાત્મક** ગણી શકાય.

અન્ય સમાજોની જેમજ કોટવાળીયા જાતિમાં જેઠ–નાના ભાઈની પત્ની વચ્ચે, સસરા–પુત્રવધુ વચ્ચે પરિહાર સંબંધો છે. આ સંબંધી ઓ એકબીજા સાથેના વ્યવહારમાં સામાજિક અંતર રાખે છે, એકબીજા સાથેની આંતરક્રિયાઓ, સંપર્કો અને વ્યવહારો શકય હોય ત્યાં સુધી ટાળે છે, એકબીજાને સ્પર્શ ન થઈ જાય તેનું ધ્યાન રાખે છે. અને આંતરક્રિયામાં આવવું જ પડે તેમ હોયતો ખુબ ઓછા શબ્દોમાં અને માનમર્યાદા જાળવીને પારસ્પારીક વ્યવહાર કરે છે. સ્પર્શ ન થઈ જાય તે માટે પુત્રવધુ/નાના ભાઈની પત્ની સસરા/જેઠને પાણીનો ગ્લાશ, ભોજનની થાળી કે અન્ય કોઈ વસ્તુ રૂબરૂ હાથોહાથ આપવાને બદલે નીચે જમીન પર કે ટેબલ પર મૂકી લઈ લેવા તેમને કહે છે. સીધો સંપર્ક કે આંતરક્રિયા ટાળવા બાળક કે દિયર મારફતે જેઠ/ સસરા સુધી જુદી જુદી વસ્તુઓ મોકલાવે છે.

વર્તમાન સમયમાં પણ જાતિની જૂની પેઢીની વ્યકિતઓમાં ઉપર દર્શાવ્યા મુજબના પરંપરગત પરિહાર વ્યવહારો ટકી રહયા હોવા છતાં યુવા પેઢીના સ્ત્રી–પુરૂષોમાં વાહનવ્યવહાર, સંચારમાઘ્યમો, બાહયસમાજ સાથેના વધેલા સંપર્કો અને દારૂ/તાડીનું વ્યસન જેવા પરિબળોને કારણે જેઠ અને નાના ભાઈની પત્ની વચ્ચેના પરંપરાગત પરિહાર વ્યવહારના ધોરણો શીથીલ બન્યા છે. ક્ષેત્રકાર્ય દરમિયાનના નિરીક્ષણમાં જેઠની હાજરીમાં નાનો ભાઈ અને તેની પત્ની એક ખાટલા પર બેઠેલ જોવા મળ્યા છે. એજ રીતે દારૂ કે તાડીનું સેવન કરનાર સસરા/ જેઠ કયારેક નશામાં ભાન ન રહેતાં પુત્રવધું કે નાના ભાઈની પત્નીના હાથમાંથી પીવાના પાણીનો પ્યાલો, ભોજનની થાળી કે અન્ય ચીજવસ્ત લઈ લેતાં પરિહાર સંબંધોની મર્ાદાઓનું ઉલ્લંઘન થાય છે. આવી ઘટનાઓ પરિહાર સબંધને લગતા ધોરણો નબળા પડયા હોવાનું સૂચવે છે. એવી જ રીતે પરિહાર સંબંધોથી વિરૂઘ્ધ અભ્યાસ હેઠળની જાતિમાં દિયર–ભાભી, નાની સાળી–બનેવી અને દાદાદાદી–પૌત્રપૌત્રી વચ્ચે હસીમજાકના (પરિહાસ) સંબંધો અસ્તિત્વ ધરાવે છે. આ સગપણ સંબંધીઓ પ્રસંગો, તહેવારો અને રોજીદા જીનમાં થતી આંતરક્રિયામાં એકબીજાની મજાક કરે છે, એકબજા સાથે મસ્તી કરે છે, એકબીજાની ઠેકડી ઉડાડે છે, એકબીજાની મશ્કરી કરે છે. અભ્યાસ હેઠળની જાતિમાં સગાઈના દિવસે લગ્નની તારીખ,કન્યાશુલ્ક,કન્યાના કપડાં,ઘરેણા વિગેરે બાબતો નક્કી થયા પછી બન્ને પક્ષના સગાસંબંધીઓ જોરથી એકબીજાની પીઠ થબથબાવી ખુશી વ્યકત કરે છે. આ વખતે ભાભી દિયરને પીઠમાં હાથ મારી દિયર સાથે મસ્તી કરે છે. એજ રીતે લગ્નપ્રસંગે વર/ કન્યાને પીઠી ચોળતી વખતે બનેવી સાળીના ચહેરા, કપડાં પર પીઠી લગાડી હસીમજાક કરે છે. એજ રીતે હોળી,ધૂળેટીના તહેવારે બનેવી–સાળી પરસ્પર રંગ છાંટી એકબીજા સાથે હસીમજાક કરે છે.બનેવી–સાળી આંતરક્રિયામાં આવતાં મોટી બહેન સાથે લગ્ન કરી બનેવી બન્યા હોવાથી ઘરેણાં,ચેન,કપડાં લાવી આપવા પડશે તેમ કહી સાળી બનેવી સાથે મજાક/મસ્તી કરે છે. દિયર–ભાભી અને નાની સાળી–બનેવી વચ્ચેના લગ્ન સંબંધોને સમાજે કેટલાક વિષેશ સંજોગોમાં માન્ય કર્યા હોવાથી જાતિના કેટલાક પુરૂષોએ (દિયરોએ) ભાભી સાથે લગ્ન કર્યા છે. દિયર–ભાભી વચ્ચેના લગ્નની શકયતા સર્જતી પરિસ્થિતીઓમાં પરિહાસના વ્યવહારો/આંતરક્રિયાઓ તેમની વચ્ચે નિકટતા સર્જી તેમની વચ્ચેના લગ્ન જીવનમાં સમાયોજનની ભૂમિકા રચે છે. પરિહાર વ્યવહારો આકસ્મીક સંજોગો ઉદ્દભવતાં દિયર–ભાભી, નાની સાળી–બનેવીએ ભવિષ્યમાં બજાવવાની પતિ–પત્ની તરીકેની ફરજો અંગેનું અપેક્ષિત સમાજીકરણ કરી તેમને માનસીક રીતે તૈયાર કરે છે. આમ પરિહાસ વ્યવહારો આકસ્મીક પરિસ્થિતીમાં દિયર–ભાભી, બનેવી–નાની સાળી વચ્ચે રચાતા લગ્નોમાં લગ્ન જીવનની સફળતા માટે જરૂરી અનુકૂલનની પરિસ્થિતી સર્જી ભાવિ લગ્ન જીવનને સફળ બનાવવામાં ફાળો આપતાં હોવાથી આ સંબંધી ઓ વચ્ચેના સગપણ વ્યવહારોને **કાર્યાત્મક** ગણી શકાય.

છતાં અહી નોંધવું જોઈએ કે દિયર–ભાભી અને નાની સાળી–બનેવી વચ્ચેના હસીમજાકના સંબંધો અનિયંત્રીત નથી. સમાજે અમુક હદ કે મર્યાદામાંજ તેમની વચ્ચેના હસી–મજાકના સંબંધો માન્ય કર્યા છે. સામાન્ય સંજોગોમાં ઉપરોકત સભ્યો વચ્ચેના જાતિય સંબંધોની બંધાયતો સમાજ તેની ટીકા કરે છે. આવા સંબંધો નિંદનીય ગણાય છે. વર્તમાન સમયમાં અભ્યાસ હેઠળની જાતિના લોકોનું ખ્રિસ્તીકરણ અને હિંદુકરણ થવાથી આ બન્ને ધર્મના મૂલ્યો સ્વીકારવાને કારણે અભ્યાસ હેઠળની જાતિમાં દિયર–ભાભી અને સાળી–બનેવી વચ્ચેના હસીમજાકના વ્યવહારો ઘટયા છે. હિંદુ ધર્મના રામાનંદી,કબીરપંથી સંપ્રદાયો પાળતા આ જાતિના લોકોમાં ભાભીને માતા સમાન ગણવાની વિચારસરણી સંસ્થીકૃત થઈ છે. તેથી આ કુટુંબોમાં દિયર–ભાભી વચ્ચેના હસીમજાકના વ્યવહારો મર્યાદીત બન્યા છે. એજ રીતે આ જાતિના ખ્રિસ્તી ધર્મ પાળનાર કુટુંબોમાં પાદરી કે સેવક ઘ્વારા પતિ–પત્ની વચ્ચેના સંબંધોમાં પારસ્પારીક વફાદારીનું મુલ્યનું આંતરીકરણ થતાં બનેવીના સાળી સાથેના હસીમજાકના વ્યવહારોને કારણે તેમની વચ્ચે વધતી નિકટતા પાપ રૂપ છે તેવું પ્રતિપાદીત થતાં જાતિમાં સાળી–બનેવી વચ્ચેના હસીમજાકના સગપણ વ્યવહારો ઘટયા છે. જેમ કે ધૂળેટીના તહેવારની ઉજવણીમાં હવે કેટલાક કુટુંબોમાં દિયર ભાભીને રંગ લગાડી ભાભી સાથે હસી મજાક કરતો નથી. જેને કારણે દિયર–ભાભી વચ્ચેના સંબંધોમાં નિકટતા ઘટી છે. આ અર્થમાં ખ્રિસ્તીકરણ અને હિંદુકરણ થવાથી અભ્યાસ હેઠળની જાતિમાં થયેલા નવા મૂલ્યોનું આંતરીકરણ **વિકાર્યાત્મક** ગણી શકાય.

ટુંકમાં પ્રસ્તુત અભ્યાસમાં ક્ષેત્રકાર્ય દરમિયાન કરેલ નિરીક્ષણ, ઉત્તરદાતાઓ સાથે થયેલી ચર્ચા, પૂછવામાં આવેલ પ્રશ્નોના ઉત્તરદાતાઓએ આપેલ જવાબોને આધારે પ્રાપ્ત થયેલી માહિતી મુજબ અભ્યાસ હેઠળનો સમાજ વર્તમાન સમયમાં પણ સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને રાજકીય રીતે ખુબ પછાત છે. કોટવાળીયા સમાજનું સર્વાંગી પછાતપણું જે અભ્યાસ હેઠળની જાતિના કુટુંબોના સભ્યો વચ્ચેના, જાતિના લોકો વચ્ચેના સગપણ સંબંધો અને અન્ય જાતિના લોકો સાથેની જરૂરિયાતને કારણે કરાતી આંતરક્રિયામાંથી રચાતા, વિકસતા સંબંધોને ટકાવી રાખવાની અને વધું મજબૂત બનાવવાની અનુકૂળતા ઉભી કરી છે. આ સાથે વિવિધ સંબંધીઓની વચ્ચેના સગપણ સંબંધોને તેઓએ મજબૂત બનાવ્યા છે. કેટલાક પરિબળો જેવા કે કેફી પીણાનું વ્યસન, ખાનગી મિલકત, કુટુંબમાં સભ્યો વચ્ચે શ્રમવિભાજનની ખામી ઈત્યાદીને કારણે રોજીંદા જીવનમાં કેટલાક કુટુંબમાં કલેશ/ સંઘર્ષ થયાના બનાવો બન્યા હોવાથી કુટુંબના કેટલાક સભ્યો, જાતિના લોકો અને અન્ય જાતિના લોકો વચ્ચેના સગપણ સંબંધો તુટયા કે નબળા બન્યા હોવા છતાં રોજીંદા જીવનમાં બનેલી આવી ઘટનાઓને બાદ કરતાં અભ્યાસ હેઠળની જાતિના લોકોના આ ત્રણેય સ્તરના સગપણ સંબંધો પ્રમાણમાં મજબૂત રહયા છે.

હજુ પણ મોટાભાગના કુટુંબો વાંસકામના પરંપરાગત વ્યવસાય કરતા હોવાથી અને પુરક વ્યવસાય તરીકે મજુરી કરતા હોવાથી માંડ માંડ જીવનનિર્વાહ કરી શકે તેટલી આવક પ્રાપ્ત કરી શકે છે.આવા ઓછી આવક પ્રાપ્ત થાય તેવા વ્યવસાય,વ્યાવસાયિક ગતીશીલતાનો અભાવ જેવા પરિબળોને કારણે કોટવાળીયા જાતિના કુટુંબો ખુબ ગરીબ છે. કોટવાળીયા જાતિના લોકોની આવી આર્થિક પછાતપણાની કે ગરીબીની પરિસ્થિતીએ પોતાના સંબંધી ઓને મદદ કરવાની અનિવાર્યતા ઉભી કરી સગપણ સંબંધી સાથેના સગપણ ફરજના બંધનોને વધુ મજબૂત બનાવ્યા છે.

આમ વર્તમાન સમયમાં કોટવાળીયા જાતિના સમાજ જીવનને ટકાવી રાખવા અને વિકાસાવવામાં સગપણ સંબંધો પાયાનું સ્થાન ધરાવે છે. આર્થિક પછાતપણાની સાથે સાથે જાતિના લોકો શૈક્ષણિક રીતે પણ પછાત છે.નિરક્ષરતાનું પ્રમાણ મોટું છે. જે થોડા લોકોએ શિક્ષણ લીધું છે તેઓએ પણ પ્રાથમિક કક્ષા સુધીનું શિક્ષણ મેળવ્યું છે. ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ નહીવત છે.પ્રાથમિક શિક્ષણમાં પણ અધવચ્ચે શિક્ષણ છોડી દેનાર લોકોનું પ્રમાણ ખુંબ મોટું છે. આ પ્રકારના શૈક્ષણિક પછાતપણાને કારણે શિક્ષણ ધ્વારા નવા, વૈજ્ઞાનિક વિચારો જાતિમાં પ્રવેશ્યા નથી. આ વિચારો, પ્રથાઓ, ધોરણો બદલાય કે તેમાં પરિવર્તન આવે તેવા પડકારો હજુ જાતિમાં ઉદ્દભવયા નથી. તેને કારણે આ પરંપરાગત વિચારો, પ્રથાઓ અને ધોરણોના પાયા પર રચાયેલ સગપણ સંબંધો પણ પ્રમાણમાં સ્થિર અને મજબૂત રહયા છે.

વ્યકિતગત ખાનગી મિલકતનો ખ્યાલ અને વ્યકિતગત હિતોની ભિન્નતા જેવા પરિબળોને કારણે અભ્યાસ હેઠળની જાતિના કેટલાક કુટુંબમાં સભ્યો વચ્ચેના સગપણ સંબંધો નબળા પડયા કે તુટયા હોવા છતાં સામુહિક અને સામુદાયિક હિતો તરફની સભાનતાએ સગપણ સંબંધોને ટકાવી રાખ્યા છે. રાજકીય સભાનતા વધી છે. રાજકીય ભાગીદારી હજુ અલ્પ છે. પરંતુ લોકશાહીની સ્થાપના થતાં મળેલ મતદાનના અધિકારને કારણે રાજકીય પ્રક્રિયામાં તેમની ભાગીદારી વધી છે. તેને કારણે અન્ય આદિમ જાતિઓ અને તેમાંય વસાવા, ચૌધરી જાતિના લોકો સાથેના આંતરક્રિયાના સંબંધો પ્રમાણમાં મજબૂત બન્યા છે.

બીજી બાજુ પરંપરાગત જાતિ પંચનું અસ્તિત્વ વર્તમાન સમયમાં પણ ટકી રહયું છે. તે જાતિના લોકો વચ્ચેના આર્થિક, સામાજિક ઝઘડાઓનો નિકાલ કરવાનું કાર્ય હજું પણ અસરકારક રીતે કરે છે. તેને કારણે જુદા જુદા કુટુંબના જુદા જુદા સંબંધી ઓ વચ્ચેના સગપણ સંબંધોમાં ઉદ્દભવેલ વિખવાદો દુર કરી સગપણ સંબંધોને તુટતા અટકાવે છે, સંબંધીઓ વચ્ચેના સગપણ સંબંધના રચનાતંત્રને વધુ મજબૂત બનાવે છે. આમ જાતિપંચ ધ્વારા અમલી બનેલા અનૌપચારિક નિયંત્રણે વર્તમાન સમયમાં વિવિધ સંબંધીઓ વચ્ચેના સગપણ સંબંધોને ટકાવી રાખવામાં મહત્વનો ફાળો આપ્યો છે.

છતાં કોટવાળીયા જાતિમાં શિક્ષણનું પ્રમાણ વધશે, કુટુંબ અને જાતિના લોકોમાં વ્યાવસાયિક ભિન્નતા આવકની અસમાનતા વધશે, મૂડીનું મહત્વ અગાઉ કરતાં વધું વધશે, રાજકીય હિતો તરફની સભાનતા અને વિવિધ પક્ષોમાં જાતિના લોકો સહભાગી થતા જશે તેમ તેમ કુટુંબના સભ્યો વચ્ચેના,જાતિના લોકો વચ્ચેના અને અન્ય જાતિના લોકો સાથેના કેટલાક

સગપણ સંબંધો નબળા બનશે, કેટલાક સગપણ સંબંધો વધું મજબૂત બનશે અને કેટલાક લોકો વચ્ચે નવા વિચારોના પાયા પર સગપણ સંબંધો રચાશે તેમ કહી શકાય.

**સંદર્ભસૂચિ**

૧. Don Martiendel, 1960, The Nature and Type of Sociological Theory, Routage and Kegan Paul, PP- 442-443.

૨. Ken Menzies, 1976, Talcott Parsons and The Social Image of Man, Routledge and Kegan Paul, London, PP- 123-124.

૩. વાય.એ પરમાર, ૧૯૯૪, સમાજશાસ્ત્રીય સિધ્ધાંતો, યુનિ.ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, પૃષ્ટ–૩૧૬.

૪. J.H Turner, 1958, Master of Sociological Theory,Vol.1, Sage Publication, London, PP- 56-59.

૫. R.K Merton, 1967, On Theoretical Sociology, The Free Press, Collier-Macmillan Ltd, London, PP- 105.